# શહેરની ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરવા સર્વે હાથ ધરાશે

**શહેરમાં સ્થિત અંદાજિત ૯૫ કી મી ના ફુટપાથના નેટવર્ક પર ઠેર ઠેર જોખમી સ્થિતિ : તંત્ર કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરવા કામ હાથ ધરશે**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં કરોડનો ખર્ચે તૈયાર કરાયેલી ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી ફુટપાથનુ નેટવર્ક છે. જયારે ફુટપાથ ફર ઠેર ઠેર કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી ટુંકમાં જ આ ભયજનક સ્થિતિને નિવારવા માટે કામગીરી હાથ ધરાશે.

શહેરમાં કરોડોના ખર્ચ તૈયાર કરાયેલી ફુટપાથ હાલ કંગાળ જોવા મળી રહી છે. જાળવણીના અભાવે ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા પણ અડચણરૂપ બનતા નાગરિકો માટે અકસ્માતનુ કારણ બને છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મીનુ ફુટપાથનુ નેટવર્ક છે. જયારે ફુટપાથનુ કામ આજથી દોઢ દાયકા પુર્વે હાથ ધરાયુ હતુ. નગરના વિવિધ માર્ગો પર તબક્કાવાર ફુટપાથનુ નિર્માણ કરાયા બાદ હાલ મુખ્યમાર્ગો સહીત સેકટરોના રીંગ રોડ આસપાસ પણ ફુટપાથ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી ફુટપાથની જાળવણીનુ કામ અટવાયુ છે. ત્યારે સેકટરોની ફુટપાથ પણ કંગાળ જોવા મળી રહી છે. ઠેર ઠેર ફુટપાથ પર

● અનુસંધાન પાન-૭ પર



શહેરમાં ઠંડીનો મિજાજ રોજબરોજ બદલાય છે. ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે નગરજનો કોલ્ડવેવથી બચવા અનેક નુસખા અજમાવે છે. છેલ્લા બે ચાર દિવસથી ઠંડીનો પારો હળવો થયો છે. પરંતુ શનિવાર સવારથી અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળિયા માહોલ સાથે સવારથી ઠંડક પ્રસરી હતી. ઠંડીની મોસમમાં પણ આકાશી નઝારો નિખર્યો હતો.

# જાણીતા આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશીને પદ્મભૂષણ

ગાંધીનગર, તા.૨૫

પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યા જાહેર થયેલ નાગરિક સન્માનના એવૉર્ડમાં ગુજરાતના ખૂબ જ જાણીતા આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશીને પદ્મભૂષણથી સન્માનિત કરાયા છે. જ્યારે પદ્મશ્રી એવૉર્ડ માટે ગફુરભાઈ બિલાખીયા (વેપાર વ્યવસાય), શ્રી એચ. એમ. દેસાઈ (સાહિત્ય અને શિક્ષણ), શ્રી સુધીર જૈન (વિજ્ઞાન અને ટેકનોલોજી), યઝદી કરણજીયા (આર્ટ), નારાયણ જે જોષી (સાહિત્ય અને શિક્ષણ) શાહબુદીન રાઠોડ - હાસ્ય કલાકાર (સાહિત્ય અને શિક્ષણ), ડૉ. ગુરૂદીપ સિંઘ (મેડીસીન) માટે પસંદગી કરવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લાને 'કેરોસીન ફ્રી ડિસ્ટ્રીક્ટ' આજે જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાને આજે કેરોસીન ફ્રી ડીસ્ટ્રીક્ટ તરીકે રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા જાહેર કરશે.

ગાંધીનગર જિલ્લાને કેરોસીન ફ્રી ડિસ્ટ્રીક્ટ બનાવવા માટેની પહેલ છેલ્લા ચારેક વર્ષથી ચાલતી હતી. તત્કાલીન કલેક્ટર સતીષ પટેલે પહેલાં ૧૦ જેટલા ગામોને કેરોસીન ફ્રી જાહેર કર્યા હતા. આ પછી તેમની બદલી થતાં નિમાયેલ તત્કાલીન કલેકટર એસ.કે. લાંગાએ મોટી કંપનીઓના સી.એસ.આર. ફંડમાંથી આ અભિયાન માટે નાણાં ઉપલબ્ધ થાય તે માટેની દરખાસ્ત તૈયાર કરી રાજકીય નેતાઓનો સહયોગ લઈ તે વાતને આગળ ધરાવી હતી જે નોંધનીય છે.

તાજેતરમાં જિલ્લામાં ૧૨ હજાર જેટલા લોકોને ગેસ કનેક્શન આપવાના બાકી હતા. પ્રધાનમંત્રી ઉજવલ્લા યોજના અંતર્ગત ઓ.એન.જી.સી. પાસેથી આ માટે જરૂરી ફંડ મેળવી કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હસ્તે આ જોડાણો આપવામાં આવ્યા હતા.

આમ છતાંય કોઈ બાકી ના રહી જાય તે માટે ગેસ કંપનીઓ અને જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા અલગ અલગ સર્વે દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.

હવે જિલ્લામાં તમામ લોકો પાસે ગેસ કનેક્શન ઉપલબ્ધ થઈ જતાં આજે ૭૧મા પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમ્યાન રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા કેરોસીન ફ્રી ગાંધીનગર જિલ્લો બન્યાની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત મળ્યા છે.

**૧૨મી વાર્ષિક પૂણ્યતિથિએ સ્મરણાંજલી**



આપની કૌટુંબિક ભાવના, સાદગી, પરોપકારી સ્વભાવ અમારા જીવનમાં પથદર્શક બની રહેશે.
પરમ કૃપાળું પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના

**સ્વ. રાજેન્દ્રપ્રસાદ પંડ્યા**
( પૂર્વ જોઈન્ટ ડાયરેક્ટર-માહિતી ખાતુ )
સ્વ.તા.૨૬-૦૧-૨૦૦૮

દેવેન પંડ્યા (પુત્ર) | ફાલ્ગુની પંડ્યા (પુત્રવધૂ)
જતીન પંડ્યા (પુત્ર) | કામીની પંડ્યા (પુત્રવધૂ)
રીના એસ. ત્રિવેદી (પુત્રી) | સમીરકુમાર ત્રિવેદી (જમાઈ-આફ્રીકા)

ધ્યેય, પાથેય, નિષ્ઠા, તસ્મય

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com